પાલનપુર પંથકમાં મેઘ તાંડવ : અડધું પાલનપુર બેટમાં ફેરવાયું

છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ ઇંચ જેટલો વરસાદ : વરસાદી આફતમાં ૫નાં મોત : હજારો નગરજનો ફસાયા



બનાસકાંઠા જિલ્લામાં શ્રાવણના શુભારંભે શિવ તાંડવને બદલે મેઘરાજાએ તાંડવ કરતા સમગ્ર પાલનપુરમાં જળ બંબાકારની પરિસ્થિતિ સર્જાઈ છે. ભાજપ શાસિત પાલનપુર પાલિકાના શાશકોના પાપે આજે અડધું પાલનપુર બેટમાં ફેરવાતા નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

પાલનપુરમાં છેલ્લા ૪ દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘ તાંડવને પગલે ભારે તારાજી સર્જાઈ છે. ૨૫ મી જુલાઈના સવારે ૬ વાગ્યા સુધીમાં પાલનપુરમાં ૧૫ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જેને પગલે સમગ્ર પાલનપુરમાં જળ બંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અડધું પાલનપુર પાણીમાં ગરકાવ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

પાલનપુરમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા છેલ્લા ૩ દિવસથી અનરાધર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે શહેરના એસ.ટી બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, સિવિલ હોસ્પિટલ, બ્રિજેશ્વર કોલોની, મફતપુરા, કીર્તિસ્તંભ સહિતના વિસ્તારો બેટમાં ફેરવાયા હતા. જયારે શહેરના હાઈવે વિસ્તારની નીચાણવાળી સોસાયટીઓમાં પણ વરસાદી પાણી ફરી વળતા લોકોના ઘરમાં પાણી ઘૂસતા લોકોની ઘરવખરી સહિત સરસમાન પલળી જતા ભારે નુકસાન થયું હતું.

પાલનપુર શહેર ઉપરાંત ધનિયાણા ચોકડી, સાંઈ બાબા મંદિરના હાઈવે પર વરસાદી પાણી ફરી વળતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. આ ઉપરાંત લડબી નદી જીવંત થતા આકેસણ રોડ પરની સોસાયટીઓ પણ બેટમાં ફેરવાઈ હતી.

પાલનપુરમાં ભારે વરસાદને પગલે હજારો લોકો ફસાયા છે. લોકો દૂધ, પાણી અને શાકભાજી સહિતની ચીજ વસ્તુઓના અભાવે લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જોકે, ડીસા બાજુ પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ બનેલુ તંત્ર પાલનપુરમાં ન ફરકતા લોકોએ ફિટકારની લાગણી વરસાવી હતી.

વરસાદી આફતમાં ૫ ના મોત

પાલનપુરના તાજપુરા વિસ્તારમાં મન મંદિર સ્કૂલ પાસે એક દીવાલ પડતા બજાણીયા પરિવારના માં- દીકરો દટાઈ ગયા હતા. જેમાં ૩ વર્ષીય બાળક ગણેશભાઈ નટુભાઈ બજાણીયાનું અને શાંતા બેન બજાણિયાનું મોત નીપજતાં તેનાં મૃતદેહને પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જયારે ફૂંભલમેર ગામમાં વરસાદી વહેણમાં બે લોકો તણાઈ જતા તેઓનું મોત નીપજ્યું હતી. જયારે વાસણ (જગાણા) ગામની મહિલાનું પણ દીવાલ પડતા મોત નીપજ્યું હતું.

પાલિકાના પાપે પાલનપુર પાણીમાં

પાલનપુર નગરપાલિકામાં ભાજપના રાજમાં નઘરોળ વહીવટને પગલે આડેધડ બાંધકામની અપાયેલી મંજૂરી, લડબી નદીના વહેણમાં સોસાયટીઓને અપાયેલી મંજૂરી, માનસરોવરમાં ગટરનું ગંદુ પાણી ઠાલવવા સહિતના પાલિકાના શાશકોના નિર્ણયોને કારણે આજે પાલનપુર બેટમાં ફેરવાતા નગરજનોએ પાલિકા તંત્ર સામે ફિટકારની લાગણી વરસાવી હતી.

છેલ્લે... છેલ્લે...

- રાજ્યના ૫૦૧ રસ્તા વરસાદથી પ્રભાવિત
- ૪૯૨ ગામોમાં વીજ પૂરવઠો ખોરવાયો
- ૪૩,૦૫૬ લોકોનું સ્થળાંતર કરાયું.
- રાજ્યમાં વરસાદથી મૃત્યુઆંક ૮૩
- ૮૨૨ લોકોને રેસ્ક્યુ કરી બચાવાયા.
- ૨૬ સ્ટેટ હાઈવે બંધ
- ૧ નેશનલ હાઈવે બંધ
- મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી બે લાખની સહાય, ઇજાગ્રસ્તોને ૫૦ હજારની સહાય.
- આગામી ૪૮ કલાક હજુ પણ અતિ ભારે વરસાદની આગાહી
- માઉન્ટ આબુમાં ૪૮ કલાકમાં ૬૪ ઇંચ વરસાદ. ૬૦ વર્ષનો વિક્રમ તૂટ્યો. મોસમનો કુલ ૯૮ ઇંચ વરસાદ.

ભારે વરસાદની પરિસ્થિતિમાં સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર સતર્ક

હિંમતનગર, તા. ૨૫

છેલ્લા કેટલાક દિવસથી સમગ્ર રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની પરિસ્થિતિ ઉભી થઈ છે. ત્યારે સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર તકેદારીના ભાગરૂપે મંગળવારના રોજ જિલ્લા પ્રભારી મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, હિંમતનગર ખાતે જિલ્લાકક્ષાના અધિકારીઓની બેઠક યોજી જિલ્લામાં થયેલા વરસાદ અને જળાશયોની સ્થિતિ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને જિલ્લાના ડેમ, નદી કિનારાના ગામો તથા પાણી છોડવાના પ્રસંગે કેટલા ક્યુસેક પાણી છોડવામાં આવશે તથા તેનાથી ક્યા ગામોને અસર થશે તેની માહિતી આપવી, આ ઉપરાંત સિંચાઈ વિભાગના સતત સંપર્કમાં રહી ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે નજીકના ગામોને તુરંત સાવધ કરવા અને જરૂર પડે સ્થળાંતર કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો તાલુકા કંટ્રોલ રૂમ સતત ચાલુ રાખવાની

સૂચના આપવામાં આવી હતી. જેમાં મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, સિંચાઈ અને પોલીસ સ્ટેશન માર્ગ મકાન, શિક્ષણ વિભાગ સહિતની કચેરીઓ સતત સંકલનમાં રહે તે માટે ભાર મુક્યો હતો.

દાંતીવાડાનો સૌથી વધુ અઢાર ઇંચ વરસાદ

વડગામમાં ૧૪ ઇંચ, અમીરગઢમાં ૧૩ ઇંચ, લાખણીમાં ૧૨ અને દીયોદર-ધાનેરામાં ૧૧ ઇંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૫

છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યના ઉત્તર વિભાગમાં જોરદાર વરસાદ વરસ્યો છે. સમગ્ર ઉત્તર ગુજરાત વરસાદગ્રસ્ત બની ગયું છે. સમગ્ર રાજ્યમાં ચોવીસ કલાક દરમિયાન બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં સૌથી વધુ ૪૬૩ મી.મી. એટલે કે સાડા અઢાર ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલ અહેવાલો મુજબ આજે તા.૨૫-૭-૨૦૧૭ને સવારે ૭ કલાકે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન ઉત્તર ગુજરાતમાં વરસાદે માઝા મૂકી છે અને દાંતીવાડામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત બનાસકાંઠાના પાલનપુરમાં ૩૮૦ મી.મી. એટલે કે ૧૫ ઇંચથી વધુ, વડગામમાં ૩૫૭ મી.મી. એટલે કે ૧૪ ઇંચથી વધુ, અમીરગઢમાં ૩૩૭ મી.મી. એટલે કે ૧૩ ઇંચથી વધુ જ્યારે લાખણીમાં ૧૨ અને દીયોદરમાં ૧૧ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પાટણમાં ૨૯૫ મી.મી. એટલે કે ૧૨ ઇંચ જેટલો અને સાબરકાંઠાના ઇડરમાં ૨૮૨ મી.મી. એટલે કે ૧૧ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ગુજરાત કોન્ટ્રાકટર એસોસિએશનની હડતાલ ૫ ઓગષ્ટ સુધી મુલ્તવી

ગાંધીનગર તા ૨૫

ભારે વરસાદની સ્થિતિમાં આખરે ગુજરાત કોન્ટ્રાકટર એસોસિએશનને આગામી તા ૫ ઓગષ્ટ સુધી તેમની હડતાલ મુલ્તવી રાખી કામો ચાલુ કરવાનો સર્વાનુમતે નિર્ણય લીધો છે. કુદરતી પ્રકોપના સંજોગોમાં તમામ કોન્ટ્રાકટરોને કામે લાગી જવા માટે કોન્ટ્રાકટર એસોસિએશનને જણાંવ્યુ છે.

ગુજરાત કોન્ટ્રાકટર એસોસિએશનના પ્રમુખ અરવિંદ પટેલના જણાંવ્યા મુજબ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ સાથે આજે કોન્ટ્રાકટર એસોસિએશનના સભ્યોની બેઠક યોજવામાં આવી હતી. જેમાં માર્ગ મકાન વિભાગના સચિવ એસ બી વસાવા તેમજ મુખ્ય ઈજનેર પણ હાજર રહયા હતા. સરકાર રોયલ્ટી તેમજ પડતર પ્રશ્નોપૈકી મોટાભાગના દુર કરવા સરકારે સંમત્તિ દાખવી છે. બીજીતરફ ગુજરાતમાં ભારે વરસાદના સંજોગોમાં પુરની સ્થિતિ સર્જાઈ છે. જેના લીધે જાહેર રસ્તાઓ , પુલ તેમજ અન્ય મિલ્કતને પણ નુકશાન થયુ છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ કોન્ટ્રાકટર એસોસિએશનની બેઠક દરમિયાન આગામી તા ૫ ઓગષ્ટ સુધી હડતાલ મુલ્તવી રાખી કામો ત્વરિત અસરથી ચાલુ કરી કુદરતી પ્રકોપના સંજોગોમાં કોન્ટ્રાકટરોને કામે લાગી જવા માટે પણ એસોસિએશનના ચેરમેન અરવિંદ પટેલે જણાંવ્યુ છે.

અહેમદ પટેલ આજે ઉમેદવારી નોંધાવશે

અમદાવાદ, તા.૨૫

કોંગ્રેસના રાષ્ટ્રીય સલાહકાર અને રાજયસભાની બેઠક માટે ગુજરાતના કોંગ્રેસના ઉમેદવાર એહમદ પટેલ આવતીકાલે સવારે ૧૧-૩૦ વાગ્યે તેમનું ઉમેદવારીપત્રનું ફોર્મ ભરવા જશે. એહમદ પટેલ આવતીકાલે સવારે ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને સમર્થકોની હાજરીમાં ગાંધીનગર વિધાનસભા ખાતે પોતાનું ઉમેદવારીપત્ર ભરશે. રાજયસભાની બેઠકની ચૂંટણી તા.૮મી ઓગસ્ટે યોજાનાર છે ત્યારે આ ચૂંટણીને લઈને ગુજરાતના રાજકારણમાં પણ ગરમાવો આવી ગયો છે. દરમ્યાન રાજયસભામાં ગુજરાતની કુલ ત્રણ બેઠકો ખાલી થઈ રહી છે, જેમાં કોંગ્રેસની એક બેઠક પર એહમદ પટેલની ટર્મ પૂર્ણ થઈ રહી છે, તો ભાજપની બેઠક પર સ્મૃતિ ઈરાની અને દિલીપ પંડયાની ટર્મ પતી રહી છે. આ સંજોગોમાં રાજયસભાની ખાલી પડનારી બેઠક માટે કોંગ્રેસે પોતાના ઉમેદવાર તરીકે તેમના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા એહમદ પટેલને રિપીટ કર્યા છે. તો ભાજપ પણ સ્મૃતિ ઈરાનીને રિપીટ કરી રહી છે. જયારે દિલીપ પંડયાના વિકલ્પમાં કોને ઉતારવા તેની ગંભીર કવાયત ચાલી રહી છે. બીજીબાજુ, આવતીકાલે સવારે કોંગ્રેસના રાજયસભાના ઉમેદવાર એહમદ પટેલ પોતાની ઉમેદવારી નોંધાવવા ગાંધીનગર જવાના છે. તેમની સાથે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના આગેવોનો તેમ જ કોંગ્રેસપક્ષના સમર્થકો અને ટેકેદારો પણ ખૂબ મોટી સંખ્યામાં હાજર રહેશે. તાજેતરમાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોંગ્રેસના ૧૧ ધારાસભ્યોએ ક્રોસવોટીંગ કર્યું હોવાથી હવે રાજયસભાની બેઠકની ચૂંટણી વખતે પણ કયાંક આ રીતે કાચુ ના કપાય તેની પક્ષે બહુ ગંભીર નોંધ લીધી છે.

અમદાવાદમાં વરસાદી માહોલ અકબંધ

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ આજે પણ અકબંધ રહ્યો હતો. ધીમીગતિએ દિવસ દરમિયાન વરસાદ જારી રહેતા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ઉતરી શક્યા ન હતા. બીજી બાજુ અનેક વિસ્તારોમાં ટ્રાફિકજામની સ્થિતિ જોવા મળી હતી. મીઠાખળી અંડરબ્રિજને સાવચેતીરુપે બંધ કરાતા અનેક વિસ્તારોમાં ચક્કાજામની સ્થિતિ સર્જાતા અંધાધૂંધી ફેલાઈ હતી. આજે ૧૮.૪૬ મીમી સરેરાશ વરસાદ સાથે શહેરનો કુલ વરસાદનો આંકડો ૫૯૮.૫૧ મીમી સુધી પહોંચ્યો છે. ગત શુક્રવારથી શરૂ થયેલા વરસાદે આજે સતત પાંચમા દિવસે પણ વરસવાનુ ચાલુ રાખતા શહેરના બે ડઝન જેટલા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૨.૫ ઈંચ વરસાદની વચ્ચે પણ અલગ અલગ વિસ્તારોમાં કુલ મળીને ૩૪ જેટલા વૃક્ષો ધરાશયી બનવા પામ્યા હતા.મોસમની શરૂઆતથી અત્યાર સુધીમાં શહેરનો સરેરાશ વરસાદ ૫૯૮.૫૧ મીલીમીટર થવા પામ્યો છે.આ અંગે મળતી માહિતી અનુસાર, અમદાવાદ શહેરમાં ગત શુક્રવારથી શરૂ થયેલા વરસાદના બીજા રાઉન્ડમાં આજે સતત પાંચમા દિવસે પણ મેઘમહેર જારી રહેવા પામી હતી.દરમિયાન આજે એક તબકકે શહેરીજનોને એમ લાગ્યુ હતુ કે વરસાદ હવે રોકાઈ જશે પરંતુ તેમની આ ધારણાને ખોટી ઠેરવતા બપોરના સુમારે ફરી એક વખત શહેરના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ તૂટી પડતા અનેક નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવા પામ્યા હતા.શહેરના પૂર્વ ઝોનમા આવેલા હાટકેશ્વર સ્મશાનગૃહમાં છેલ્લા ત્રણ દિવસથી સ્મશાનની અંદર આવેલી સીએનજી ભઠ્ઠીઓમાં વરસાદી પાણી ભરાઈ જવા પામ્યા છે આ અંગે તંત્રના અધિકારીઓનું ધ્યાન દોરવા છતાં તંત્ર તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

શપથવિધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે ઉમેર્યું હતું કે, ભારતની માટી અને પાણી ઉપર અમને ગર્વ છે. દેશના દરેક નાગરિક રાષ્ટ્રના નિર્માતા તરીકે છે. દેશની સરહદોની રક્ષા કરવા માટે અને સુરક્ષિત રાખનાર સુરક્ષા દળો રાષ્ટ્રના નિર્માતા તરીકે છે. પોલીસ અને અર્ધલશ્કરી દળો જે ત્રાસવાદ અને અપરાધિઓ સામે લડી રહ્યા છેતેઓ રાષ્ટ્રના નિર્માતા છે. ખેડૂત રાષ્ટ્રના નિર્માતા છે. એક રાષ્ટ્ર તરીકે ભારતે અનેક સિદ્ધિઓ હાસલ કરી છે. કોવિન્દે રાષ્ટ્રપતિપદનો હોદ્દો સોંપી દેવામાં આવ્યા બાદ તમામનો આભાર માન્યો હતો. તેમણે કહ્યુ હતુ કે સેન્ટ્રલ હોલમાં આવ્યા બાદ તમામ યાદો તાજી થઈ ગઈ છે. એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદે ૨૦મી જુલાઈના દિવસે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ધારણા પ્રમાણે જ જોરદાર સપાટો બોલાવ્યો હતો. કોવિન્દે ૨૫મી જુલાઈના દિવસે એટલે કે આજે દેશના ૧૪માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા.

સંપૂર્ણ વિભાજીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. દોભાલે પોતાના ચીની સમકક્ષ યેન જેઈચી સાથે સરહદી વિવાદના મુદ્દા પર વાતચીત કરનાર છે. વિવાદનો ઉકેલ આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. બંને અધિકારી સરહદી વિવાદ પર વાતચીત કરવાને લઈને પોતપોતાના દેશના પ્રતિનિધિઓને લઈને આશાવાદી છે. અત્રે નોંધનીય છે કે, ચીન અને ભારત વચ્ચે ૧૬મી જૂનથી ખેંચતાણની સ્થિતિ બનેલી છે. ચીની સેના ડોકલામ વિસ્તારમાં માર્ગ નિર્માણને લઈને આગળ વધી રહી છે જ્યારે આનો ભારત દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ભારત આને સરહદ પર યથાસ્થિતિમાં ફેરફાર તરીકે ગણાવે છે. ત્યારબાદથી જ બંને દેશો વચ્ચે ખેંચતાણની સ્થિતિ રહેલી છે. ચાઈના ડેઈલીએ કહ્યું છે કે, હાલમાં પણ આશા રહેલી છે. બંને દેશો વચ્ચે ગતિરોધ ખતમ થઈ શકે છે. આ બાબત બન્ને દેશોના હિતોમાં રહેશે. અખબારે ભારતીય વિદેશ સચિવ એસ જયશંકરના એવા નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો છે જેમાં કહેવામાં આવ્યુ છે કે બન્ને દેશો પારસ્પરિક મતભેદને વિવાદમાં ફેરવવા દેશે નહીં.

દોભાલની યાત્રાથી ભારતની છેલ્લી નીતિમાં ફેરફાર થઈ શકે છે. ચાઈના ડેઈલીએ કહ્યું છે કે, બંને દેશોને મડાગાંઠનો અંત લાવવા માટે પગલા લેવાની જરૂર છે. જો ભારત લશ્કરી સંઘર્ષને રોકવા માટે પગલા લેશે નહીં તો આનાથી બંને દેશોને નુકસાન થશે. સાથે સાથે ક્ષેત્રિય શાંતિ પણ ભંગ થશે. ભારતના નેશનલ સિક્યુરિટી એડવાઈઝર વાર્ષિક બ્રિક્સ બેઠકમાં ભાગ લેવા માટે પહોંચી રહ્યા છે. બંને દેશો વચ્ચે હાલ ખેંચતાણની સ્થિતિ રહેલી છે.

બે કાંઠે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાના અહેવાલો છે. પણ વાહન-વ્યવહાર યથાવત હોવાનું તંત્રના સૂત્રોએ જણાવતાં કહ્યું છે કે આ બહુ નાનો કટ છે અને વરસાદ વિરામ લેતાં જ તેનુ મરામત કામ ઝડપથી કરી દેવામાં આવશે.

જિલ્લાના માણસા તાલુકામાં આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં એક ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો. માણસાના ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની ઘટનાઓ બનવા પામી છે. જોકે તેની કોઈ અસર જનજીવન કે વાહનવ્યવહાર પર પડી નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતા અહેવાલો પ્રમાણે કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ તળાવો ભરાઈ જવા પામ્યા છે. તેમની સંગ્રહશક્તિ હવે પૂરી થવા આવી છે. અહિ પણ આજે દિવસ દરમ્યાન બે ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના ડભોડા-વડોદરા નજીકથી પસાર થતી ખારી નદી પણ આજે બે કાંઠે વહેતાં ડભોડા-વડોદરા માર્ગ બંધ કરવાની ફરજ પડી હતી. આ માર્ગ પર આવેલ કોઝવે પર થઈને પાણી વહેતુ હતુ. આથી વડોદરાથી લોકોને ગાંધીનગર આવવા માટે બીજા માર્ગની પસંદગી કરવી પડી હતી.

મળતા અહેવાલો પ્રમાણે સાબરમતી નદીમાં પણ ધરોઈ ડેમમાંથી સવાલાખ ક્યુસેક જેટલુ પાણી છોડવાના નિર્ણયને પગલે સાબરમતીમાં ઘોડાપૂર આવ્યુ હતુ. જો કે તેણે તારાજી કરી નથી એ નોંધનીય છે.

ગાંધીનગર તાલુકામાં પણ ગ્રામ્ય વિસ્તારના તળાવો છલોછલ થઈ જવા પામ્યા છે. સાબરમતી નદી પણ બે કાંઠે થતાં લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. નદી બે કાંઠે વહેતાં ભૂગર્ભ જળની સપાટી ઊંચી આવશે તેવી વિશ્વાસપૂર્વક વાતો લોકો કરતા જણાયા હતા.

સાબરમતી નદીને બે કાંઠે વહેતી જોવા આજે ગાંધીનગર-ચિલોડા માર્ગ પરના બ્રીજ પર લોકોની ભીડ એકત્ર થતાં તંત્રએ તાત્કાલિક પોલીસ બંદોબસ્ત પણ લગાવી દીધો હતો અને ટ્રાફિક જામની સમ્યાને હળવી કરી હતી.

હેલ્લો ફ્રેન્ડ્સ

● ૪ પાનાનું ચાલુ...

આમ આ જોક છે, પણ વાસ્તવિકતાની આસપાસનો જ છે. રસોડામાં કંઈ ફાવે કે ના ફાવે એ વાત અલગ પણ સેલ્ફી લેતી વખતે માત્ર વાંકુચુકું મોં કરીને સેલ્ફી પોઝ તો મસ્ત લઈ જ શકે છે!

સેલ્ફી આમ જોવા જઈએ સેલ્ફીશ થવા સાથે સંકળાયેલી છે. કોઈની મદદ નહીં, મોજ પડે ત્યાં જાતે લેવાની, પ્લીઝ કહેવાની ઝંઝટ નહીં, અને એટલે જ સેલ્ફી થવાય છે! આવનારા સમયમાં કદાચ 'સેલ્ફીથી સાવધાન' જેવો પાઠ શાળા અભ્યાસક્રમમાં આવે તો નવાઈ નહીં. ખાલી સેલ્ફી જ શું કામ?' ફેસબુક, ટ્વિટર અને વોટ્સએપ વપરાશ' જેવા વિષયો પણ જલ્દીથી અભ્યાસક્રમમાં સમાવવા જેવા જ છે. સેલ્ફી લેવી અને મજા માણવી જરૂરી છે, પણ થ્રીલ માટે જોખમી જગ્યાએ જઈને સેલ્ફી લેતાં જાતથી ના જવાય એટલું તો જોવું જ રહ્યું, બાકી સેલ્ફીની આજકાલ બોલબાલા છે, અને તમારો અકસ્માત ન્યૂઝ ચેનલનો મસાલો!!

ચૂંટલો :

સેલ્ફી ખેંચીને જલસા કરનાર માટે એટલું જ કહેવાય કે, સેલ્ફી નહીં, પણ કોઈકનું દુઃખ ખેંચી શકો તો કંઈક વાત બને... અકસ્માતે મૃત્યુમાં કારણ બનેલી સેલ્ફી માટે મિત્ર પરબત નાયીનો એક શેર યાદ આવે છે,

"એટલે તરસ્યા નગરમાં આજ પણ છું હું તૃપ્ત હું,
આંખ પાસે એક એની યાદની સેલ્ફી હતી!"